# ‘હું’ દ્વારા સ્વયંનો ઉઘાડ | હરીશ વટાવવાળા

[**‘હું અને…’ અંગત નિબંધ (૨૦૦૬)** : પ્રફુલ્લ રાવલ, પ્રકા. કૃતિ પ્રકાશન, બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭, ૨૦૦૬, ક્રાઉન, પૃ. ૧૦૦, કિં. રૂ. ૬૫/-]

જ્યારે આપણે નિબંધમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે સર્જક નિર્મિત લોકમાં પ્રવેશ કરીએ છીએ. એની અનુભૂતિને આપણે આપણી અનુભૂતિમાં પરિવર્તિત કરીએ છીએ. એણે જે કંઈ માણ્યું છે તેનું સ્મરણ-સ્મૃતિ-આલેખન તે ભાવક ચાક્ષુષ કરે છે. એ નિબંધ દ્વારા એના લોકનો, એના મનઃસંચલનોનો, પરિવેશનો, પાત્રોનો, સ્થળનો પરિચય કરાવે છે ત્યારે ભાવક એવું અનુભવતો હોય છે કે એ પોતાની – ભાવકની – સાથે ગોષ્ઠિ માંડી બેઠો છે એ ગોષ્ઠિમાં એની કેટલીક અંગત – બીનઅંગત વાતો પણ કરે છે. સર્જકે એની જાત સાથે કરેલી ગોષ્ઠિ આપણા સુધી પહોંચાડે છે. એમ કરી તે એની વેદના, સંવેદના, પીડા, આનંદ, સ્મૃતિ વગેરે ભાવક સાથે વહેંચે છે. એનો ‘હું’ કેન્દ્રગામી થતાં થતાં કેન્દ્ર બહાર નીકળી વિકેન્દ્રી પણ થતો હોય છે. જ્યારે સર્જક વિકેન્દ્રી થાય છે ત્યારે એનો સખ્યભાવ વિસ્તરે છે એ સખ્યભાવમાં ક્યારેક સખી, મિત્ર, સ્થળ, પરિવેશ, વાતાવરણ, પ્રકૃતિ, સ્થૂળ કે અસ્થૂળ જેવા પર્યાયો સાથે ‘હું’ને જોડીને એક નવું જ માધ્યમ રચે છે અને એ માધ્યમ દ્વારા સર્જકમાં રહેલા ‘હું’નો પરિચય કરાવે છે. અહીં આત્મવંચના કે આત્મશ્લાઘા નથી; પણ સર્જક જેવો છે તેવો અકબંધ એના ભાવક સામે આવીને ઊભો રહે છે. અને એનાં મનઃસંચલનોનો ઉઘાડ કરી ભાવક સાથે અનુસંધાન કરે છે. સર્જક એના ‘હું’ દ્વારા સ્વયંનો ઉઘાડ કરી અંતે તો ‘હું’માંથી બહાર આવી ‘હું’ કેન્દ્રગામી ન રહેતાં સૌનો થઈ જાય છે. સર્જક એના વિચારો, સંવેદનો, કલ્પનાઓ, અપેક્ષાઓનું ભાવન કરી તે એના ભાવક સમક્ષ મૂકી આપે છે. એણે જે જોયું, અનુભવ્યું અને સ્પર્શ્યું તેને પોતીકું કરીને તે નિબંધમાં એની શૈલીમાં, ભાષામાં, પ્રતીકો અને કલ્પનોનો વિનિયોગ કરી નિબંધના સ્વરૂપનો ઘડતરસ્પર્શ કરે છે.

અહીં મારે ‘સ્વ’ને કેન્દ્રમાં રાખી લખાયેલા નિબંધો ‘હું અને…’ (૨૦૦૬) ગ્રંથ વિશે વાત કરવી છે, એના સર્જક ભાઈશ્રી પ્રફુલ્લ રાવલના સર્જકત્વ વિશે વાત કરવી છે. આ ગ્રંથમાં કુલ ૨૭ નિબંધો ગ્રંથસ્થ થયા છે તેમાં ‘હું’ કેન્દ્રસ્થ છે. ‘હું’ સાથે અવિનાભાવી સંબંધે જોડાયેલાં સવાર, બપોર, અંધારું, સત્ય, દીવાલ, મહોલ્લો, નદી, આગગાડી, પીપળો, રસ્તો, હથેળી, આયનો, આકાશ, જ્યોતિષ, દરિયો, નાગ, કાગડો, એકાન્ત, ઘોઘો, કાલાં, નિશાળ અને ‘હું’ અને મારો ‘હું’ – આમ સર્જકે ‘હું’નો વિશેષ રીતે ઉઘાડ કર્યો છે. એ રીતે સર્જક ‘હું’થી છૂટી શક્યા નથી. ‘હું’ દ્વારા એમણે સ્વયંનો ઉઘાડ કર્યો છે.

આ સર્જક કોઈ પણ વિષયની વાત, માંડીને કરે છે, પછી તે સ્થળવિષયક હોય, પ્રકૃતિવિષયક હોય, પરિવેશવિષયક હોય કે ઋતુવિષયક હોય. સૂક્ષ્મ દૃષ્ટિએ એનું નિરીક્ષણ કરી દરેક પરિમાણીય જાતને સાંકળી પોતીકી સંવેદનાને ઘૂંટી છે. સર્જક પોતે એમના આંતર તેમજ બાહ્ય જગત સાથે સતત અનુસંધાન કરતા રહ્યા છે. પરિણામે દર્શન અને આસ્વાદ સારી રીતે માણી શક્યા છે. અને એનો લાભ આ નિબંધો દ્વારા ભાવકને પણ આપ્યો છે.

સર્જકને જ્યારે જ્યારે એકાંત મળ્યું છે, ત્યારે તે પોતાની શોધ આદરે છે અને કહે છે : ‘એકાન્તમાં વિચારવંટોળ વચ્ચે સ્થિર બેસું ત્યારે શબ્દ એ જ એક રણઝણે.’ (‘હું ક્યાં છું ?’) આ સર્જકે શબ્દને રણઝણતો ધ્વનિબદ્ધ કરીને શબ્દને પોંખ્યો છે.

સર્જક એના શબ્દને કવિતા સુધી લઈ જાય છે, ગદ્યમાંથી પણ સુંદર કાવ્યતત્ત્વ નિપજાવી શકાય છે; ઉ. ત.

> ‘હું મારી સવારને લઈને દાદરો ઊતરીને નીચે આવું છું. સવાર મને વળગી પડે છે, હું સવારને વળગી પડું છું. અમારું આ આલિંગન મને પુલકિત કરે છે. હું સવારને ચૂમું છું. મારા અધરો પર ખુશનુમા છવાઈ જાય છે, પછી સવાર મારી આંખમાં પ્રવેશી જાય છે. હું ઘડીભર આંખના પોપચાં બંધ કરીને સવારને આંખમાં સમાવી લઉં છું. પછી અરીસામાં જોઉં છું મારી આંખને. એ આંખમાં સવાર શોધું છું, પણ મને સવાર દેખાતી નથી. સવાર અદશ્ય થઈ જાય છે… પછી આખો દિવસ હું સવાર શોધું છું. પછી સવાર અને હું બન્ને અન્યોન્યને શોધીએ છીએ.’ (પૃ. ૨)

અહીં એક વાત નોંધવા જેવી છે તે ‘સખી’ના પાત્રની. પ્રફુલ્લભાઈના ‘હું’ સાથે ‘સખી’ પણ એમના નિબંધોમાં ‘હું’ની સાથે સહોપસ્થિત થાય છે. ક્યારેક તો એવું લાગે કે ‘સખી’ એ પ્રફુલ્લભાઈનું ‘મીથ’ થઈને પ્રકટ્યું છે. તેમણે સખી સાથેની ભીની ભીની સ્મૃતિઓને પણ તાજી કરી છે :

> ‘એક બળતી બપોરે રમતમાં ઝઘડો થતાં સખીના બાવડે બટકું ભર્યાની ભીની સ્મૃતિ છે’ (પૃ. ૩),
>
> ‘સ્વપ્નમાં ક્યારેક સખીને જોવા મથું છું. આજ કાલ એ મારાથી દૂર ભાગે છે. ફોનની ઘંટડી વાગે છે ત્યારે સખીના શ્રવણનું મારું દોહદ સળવળે છે. એનો અવાજ મારે મન મંગલ શબ્દ છે.’ (પૃ. ૫),
>
> ‘મહોલ્લો સાદ કરીને મને બોલાવે છે. સરવા કાને હું એ સાદ સાંભળું છું… એ સાદમાં બે સૂર છે એમાં તિરોહિત થયેલો સાદ પણ સાંભળું છું. એ સાદ તો સખીનો. મને દોડીને મારા મહોલ્લે જવાનું મન થાય છે, પણ જતો નથી.’ (પૃ. ૧૪),
>
> ‘સુખી સખી રાતે નાનું તબકડું ભરીને દારૂખાનું લઈને આવતી… હું એને એ ફોડી આપતો… હું ટેટો ફોડું અને સખી બીએ. એક વાર સખી પાસે વટ બતાવવા લાલ ટેટો હાથમાં ફોડેલો. પછી લાલઘૂમ થયેલાં તર્જની-અંગૂઠાને ક્યાંય લગી જિહ્વાથી પલાળતો રહ્યો. સખીની આંખ ભીની અને…’ (પૃ. ૨૧),
>
> ‘સખી સંગાથે નદીવિહાર કર્યો ત્યારે નદીનું જળ ખોબે લઈને સામસામે છંટકાવ કરીને અન્યોન્ય ભીંજાયાં હતાં. એ ભીનાશની સુગંધ હજુય ક્યારેક સુવાસિત કરી નાખે છે…’ (પૃ. ૨૪)

આ સર્જકને પોતાના સંપર્કમાં આવતાં દરેક સ્થળ, પરિવેશ, વ્યક્તિ, પર્વ, ઋતુ વગેરે સાથે આત્મીય લગાવ – Intimacy – છે. અહીં એમણે કેટલાંક બાળપણનાં સંસ્મરણો પણ આલેખ્યાં છે. આજે ભલે તેઓ શહેરમાં વસતા હોય, પણ એમણે જ્યાં બાળપણ વ્યતીત કર્યું એ શૈશવનાં સંસ્મરણો પણ આલેખ્યાં છે. જ્યાં તેમણે શૈશવ વિતાવ્યું અને મહોલ્લાને યાદ કરતાં તેઓ કહે છે :

'ભૂલવા મથું છું તોપણ હું મારા મહોલ્લાને ભૂલી શકતો નથી. અડધી સદીનો નાતો જલદી કેવી રીતે વીસરાય ! મહોલ્લો સતત જૂનાં સ્મરણો સાથે હલ્લો કરે છે. પછી જાણે મને થોડી વાર વળગી પડે છે. હું મહોલ્લાને વળગી પડું છું. જેમ ભૂલું પડેલું બાળક માતાને જોઈને વળગી પડે તેમ !' (પૃ. ૧૧)

સર્જકના ઘરની પછીતે ઊગેલા પીપળાની ડાળીઓ-પાંદડાંને કારણે તેમના ઘરમાં અંધારું રહેતું. પ્રકાશ પાંદડાંમાંથી પસાર થઈ ઓરડાને અજવાળતો. પણ, વાદળિયું વાતાવરણ હોય ત્યારે તો ઓરડામાં અંધારું થઈ જતું. એનું એમને દુઃખ હતું, પણ જ્યારે એ પીપળો કપાઈ જાય છે ત્યારે ઓરડામાં અજવાળું અજવાળું થઈ જાય છે. એ અજવાળું એમને આનંદ આપે છે. પણ પીપળો કપાયાનું દુઃખ પણ થાય છે. સાથે સાથે તેઓ અફસોસ કરે છે : 'પીપળાના કારણે ઠંડક રહેતી હતી તે હવે રહેતી નથી. ક્યારેક પાંદડાંની જે મીઠી સુવાસ આવતી હતી તે પણ અલોપ થઈ ગઈ છે. ફૂટતી કુંપળ... જોવાનો લહાવો રહ્યો નથી... પક્ષીઓ આવીને જે કિલકિલાટ કરતાં હતાં તેનું શ્રવણ મારા માટે સ્વપ્નવત્ બની ગયું છે : પીપળો ગયો અને ઘણુંબધું ગયું.' (પૃ. ૪૪)

અહીં સર્જકનું ભાષાકર્મ ધ્યાનાર્હ બને છે. ભાષા દ્વારા એમણે બળકટ કામ કર્યું છે. 'આકાશ' વિશે તેઓ કહે છે :

'આકાશને હું મારો અવાક મિત્ર ગણું છું. એ બોલે નહીં, તોય ઉપાલંભ આપવાનું ચૂકે નહીં. એનું વહાલ વરસે ત્યારે ભીંજાઈ જવાય. એની રીસ ભારે, તો એ રીઝે ત્યારે વળી એનો મિજાજ ઓર જ હોય ! આકાશની અસર તન-મન ઉભય અનુભવે... આકાશ પાસેથી હું પામ્યો છું વિશાળતા, મનની- વિચારની. કોઈ ચોકઠામાં રહેવાનું મને અમથુંય ફાવ્યું નથી, ગમ્યું નથી.' (પૃ. ૫૯)

દરિયાને પહેલી જ વખત જોયા પછી કેવું આશ્ચર્ય અને કુતૂહલ જન્મે છે, તે તેમણે 'હું અને દરિયો' (પૃ. ૬૫)માં સ-રસ અને સંતર્પક રીતે વ્યક્ત કર્યું છે :

'તખ્તેશ્વરની ટેકરી ઉપરથી ગ્રીષ્મની આથમતી સાંજે દૂરબીન વડે દૂર દરિયામાં વહાણ જોયું, ત્યારે દરિયાને પ્રત્યક્ષ જોવાનું કૌમાર્યસહજ કુતૂહલ જન્મ્યું હતું. ભાવનગરનો એ દરિયો હજુય ક્યારેક સ્મરણમાં સળવળે છે.' (પૃ. ૬૫)

સર્જક અહીં એમની બા વિશે કહે છે :

'મારી બા પાસે અઢળક એકાન્ત હતું. એ ટોળાંથી – ભીડથી મૂંઝાતી હતી. એકાન્ત શોધતી રહેતી. એમ એકાન્તની સખી બની ગઈ હતી. એકાન્તે એને અબોલ બનાવી દીધી હતી. એથી જ એ દુઃખનું ગાણું ગાઈ શકતી નહોતી. હું એકાન્તનો ચાહક છું, તો ભીડનો પણ આશિક છું.' (પૃ. ૭૯/૮૦)

'હું મહોલ્લામાંથી રમતો રમતો પાણી પીવા ઘરે આવ્યો અને બાને પૂછ્યું : ''બા, વરસાદ આવશે ?'' બાના ચહેરા સામે જોયું તો ચિંતા છવાયેલી હતી. તોય બોલી : 'હા, આવશે. પણ ન આવે તો સારું. આ સાલ તો છાપરું સંચાવ્યું નથી. અને મેડી તો પડું પડું થઈ રહી છે.' (પૃ. ૯),

'છેક દશેરાથી દિવાળી ડોકિયું કરવા માંડતી. વાઘબારસ આવતા સુધીમાં તો દિવાળીનું સામ્રાજ્ય છવાઈ જતું. સહુનાં ઘર ધોળાતાં અને મારું ઘર... છેક નવરાત્રીથઈ બા ઘર ધોળાવવાનું વિચારતી. ઘરની ઑસરીમાં પડેલા ખાડાને પૂરવા બા મથતી... હવે આવતી સાલ ઘર ધોળાવીશું' કહીને બા મન મનાવતી' (પૃ. ૧૯).

'છાપરું જીર્ણ થઈ ગયું હતું અને નિર્ધનતા એ છાપરાનું રૂપ બદલી શકે તેમ નહોતી. એટલે વરસાદ પડે અને ઘરમાં ચૂવા ચાલુ થઈ જાય.' (પૃ. ૮)

અહીં સર્જકે શૈશવકાળમાં મા-બાપની આર્થિક સ્થિતિ-પરિસ્થિતિનું વર્ણન યથાતથ કર્યું છે. આત્મકથામાં જેમ કશું જ છુપાવાતું નથી કે કશું જ વધારાનું લખી શકાતું નથી. તેમ સર્જકે નિર્ભીક રીતે આ નિબંધોમાં સત્યની વધુ ને વધુ નજીક રહીને લખ્યું છે. એ જ તો નિબંધકારનો સાચો ધર્મ છે. એ  કહે છે : 'જ્યારે ગજવું ખાલીખમ હતું ત્યારે દિવાળીનો અપાર આનંદ હતો અને આજે ગજવું ખાલી નથી ત્યારે પેલો મુગ્ધ આનંદ પલાયન થઈ ગયો છે.' (પૃ. ૧૮)

આ નિબંધોમાં સર્જકે દિવાળી અને ઉત્તરાયણ પર્વોનો ઉલ્લેખ કરીને કહે છે : 'મહોલ્લામાં તહેવારની ઉજવણી સહિયારી થતી' (પૃ. ૧૩) એટલું જ નહિ, બધું જ કાર્ય પણ સહિયારું થતું. કાલાં ફોલવાનાં હોય કે ટાઢું ખાવા જવાનું હોય કે લગ્નપ્રસંગ હોયકે મરણપ્રસંગ હોય. મરણ ટાણે તો 'આખો મહોલ્લો રડે'... આખો 'મહોલ્લો શોકના દરિયામાં ડૂબી જતો.' (પૃ. ૧૨)

'મહોલ્લાનું જીવન એટલે સહિયારી યાત્રા, સહિયારું સુખ, સહિયારું દુઃખ, સહિયારો આનંદ અને સહિયારી વેદના. અહીં એકના સુખે સુખી, એકના દુઃખે સહુ દુઃખી. કોઈની ભેંસ મરે તો આખો મહોલ્લો રડે. કોઈને ત્યાં પુત્ર જન્મે તો આખો મહોલ્લો હર્ષ પામે. અહીં એકલતાને અવકાશ જ નથી.' (પૃ. ૧૨)

લગ્નપ્રસંગની વાત કરતાં સર્જક કહે છે :

'મહોલ્લામાં લગ્ન એટલે ઉત્સવ... ઢોલ ઢબૂકે અને આખો મહોલ્લો રંગે ચડે. પતાસાં વહેંચાય... દોથો ભરીને આપે... સહુનાં હૈયે આનંદ એવો કે ક્યારેક નવા આગન્તુકને ખબર જ ન પડે કે લગ્ન કોને ત્યાં છે. સહુને મંગલ પ્રસંગ. સહુનું મન મંગલ.' (પૃ. ૧૨)

અહીં સર્જકે વર્ષા, ગ્રીષ્મનું વર્ણન પણ આહ્લાદક શૈલીમાં કર્યું છે. વરસાદનાં વિવિધ રૂપો, જળની લીલા, જળની તાદાત્મ્યતા, જળ ઝીલ્યાનો, પલળવાનો આનંદ, વરસાદ સાથેનાં સુખદ અને દુઃખદ સંસ્મરણો. પલળવાનો નિર્ભેળ આનંદ તો ઘરમાં ચૂવા પડે તેનું દુઃખ, સખીનું સુખદ સંભારણું તો ભયજનક રોમાંચ, વરસાદથી થતી હોનારત – પાણીમાં તણાતાં ઝૂપડાં, તો વરસાદમાં નહાતાં પક્ષીઓ, પ્રાણીઓ અને વૃક્ષો. આમ વરસાદનાં વિવિધ રૂપોને સર્જકે ભાવક ચાક્ષુષ કર્યાં છે.

અહીં ગામડાંઓમાં ભજવાતી ભવાઈ અને રામલીલાનું વર્ણન છે તો પ્રકૃતિ સાથે એકાકાર થયેલો આ સર્જક આકાશમાં ટમટમતા તારાનાં દર્શન કરે છે. શુક્ર, મંગળ, શનિ અને ગુરુના ચમકતા તારાનું દર્શન કર્યું છે, તો બપોરે તપતા સૂર્યના પ્રકોપ વિશે પણ વાત કરી છે. પૂર્ણિમાની રાત્રીના વર્ણનમાં ચંદ્રનો મહિમા ગાયો છે, તો નદીના સૌંદર્યની પણ વાત કરતાં કરતાં સૌનું પ્રતિબિમ્બ ઝીલતા આયનાની વાત પણ કરી છે. અહીં કાગડા જેવા અણગમતા પક્ષીની વાત કરી છે, તો નાગ જેવા ઝેરી સાપની પણ વાત કરી છે. તેઓ ઉત્તરાયણની વ્યાખ્યા આ રીતે આપે છે : 'ઉત્તરાયણ એટલે આકાશ સાથેની નિર્વ્યાજ દોસ્તી' (પૃ. ૩૪)

આ રીતે સર્જકથી કશું જ છૂટી ગયું નથી. નિબંધો પાસેથી એમણે ક્ષણેક્ષણનો હિસાબ લીધો છે. 'હું'ની સાથે નિબંધોની ઘટનાઓ જોડીને ઘટનાઓને, સંસ્મરણોને, સંભારણાંને, યાદોને વિસ્તારી છે. આ સર્જક સંવેદનશીલ છે એટલે જ એમણે સંવેદનાઓને કાગળ સાથે કન્સલ્ટ કરી આત્મશ્રદ્ધાથી શબ્દને જીવંત બનાવ્યો છે.

જીવનની ઘટનાઓને સત્ય સામે ખડી કરનાર આ સર્જકમાં કોઈ દેખાડો, આડંબર કે અભિમાન નથી. છે તો માત્ર સાદગી અને સચ્ચાઈ ! અને સચ્ચાઈને રજૂ કરવામાં કોઈ છોછ પણ નથી. જે જીવનમાં અનુભવ્યું છે એ નિબંધોમાં ઉતાર્યું છે. એટલે જ તો એમનો શબ્દ બળવત્તર થઈને પ્રકટ થયો છે. ચંદ્રકાન્ત શેઠે સર્જક – પ્રફુલ્લ રાવલ – વિશે સાચ્ચું જ કહ્યું છે : 'એક સંવેદનશીલ, સત્યશોધક ને અહંચિકિત્સક નિબંધસર્જક... પોતે જે જીવ્યા, પોતે જે અનુભવ્યું, પોતે જે પામ્યા ને પોતે જે વેઠ્યું તેની યેનકેન પ્રકારેણ રાગદારી એમની આત્મવીણા પર છેડાતી પમાય છે...' એ રીતે સર્જકનાં સ્ફુલ્લિંગોને, સંવેદનાઓને, લાગણીઓને સ્મૃતિઓને, સંસ્મરણોને અને એમની આંતરચેતનાની પ્રફુલ્લતાને પામી શકાય છે. એમનો 'ફાનસને અજવાળે' નિબંધસંગ્રહ વાંચ્યો હતો એનું સ્મરણ અહીં થાય છે.